# નિવેદન

શ્રી માણેકલાલ ગાંધી કાલોલ, કોલેજમાં ટી.વાય.બી.એ.ના વર્ગમાં એકવાર શ્રી કિશોર વ્યાસ સાહેબે યુ.જી.સી. નેટની પરીક્ષા અને પીએચ.ડી.ની વાત કહી હતી. એમણી એ વાતની ગંભીરતા એ વખતે સમજાઇ ન હતી. એમણે જ વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં આગળનો અભ્યાસ કરવાનું સૂચવ્યું હતું. સાહિત્ય સાથે સેતુ જોડવાનું અને તેમા રસરુચિ કેળવવાનું કાર્ય પણ શ્રી વ્યાસસાહેબે જ કર્યું. ત્યારબાદ વડોદરા આવ્યો, એમ.એ.નાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો. જયેશ ભોગાયતા, નીતાબેન ભગત, ભરત મહેતા, રાજેશ પંડ્યા, પુંડલિક પવાર, ભરત પંડ્યા, દર્શિની દાદાવાલા અને કાન્તિ માલસતર જેવા વિદ્વાન ગુરુઓ પાસે અભ્યાસ દરમિયાન સાહિત્યિક વાતાવરણ મળ્યું. અહીં ગુજરાતી, ભારતીય અને વિશ્વસાહિત્યની ભાતભાતની અનેક કૃતિઓનાં સંપર્કમાં આવવાનું બન્યું. તેમજ પ્રેમાનંદ, ગોવર્ધનરામ, કાલિદાસ, ટાગોર, જીવનાનંદદાસ, શેક્સપિઅર, હેમિંગ્વે, બૉદલેર, એલિયટ જેવાં સર્જકોનો નિકટથી પરિચય થયો.

એમ.એ.પુરું કરીને યુ.જી.સી. નેટની પરીક્ષા જુનિઅર રીસર્ચ ફેલો તરીકે પાસ કરી. પીએચ. ડી કરવાનું નક્કી કર્યું. હું અને મિત્ર ગિરીશ મકવાણા શ્રી રાજેશ પંડ્યા સાહેબને મળવા માટે ગયા. યુ.જી.સી. નેટની પરીક્ષા પાસ કરવા બદલ સાહેબે અભિનંદન પાઠવ્યા. ગિરીશે સાહેબને વાત કરી કે હેમંતને તમારાં માર્ગદર્શન હેઠળ સંશોધન કરવું છે. સાહેબે મારાં રસનો વિષય જાણવાનો પ્રયત્ન કર્યો. મારે કથાસાહિત્યમાં કામ કરવું હતું. રાજેશ પંડ્યા સાહેબે કહ્યું કે તારે

કથાસાહિત્યમાં કામ કરવું હોય તો ચાલ તને વિભાગના બીજા માર્ગદર્શકો પાસે લઈ જાઉં. પરંતુ, મેં સાહેબને કહ્યું કે મારે તમારી પાસે જ સંશોધન કાર્ય કરવું છે. એટલે તેમણે મધ્યકાલીન કથાસાહિત્યના જુદા-જુદા વિષયો મને જણાવ્યા, જેમાંથી મારે એક વિષય પસંદ કરવાનો હતો. ઘણી ચર્ચા અને વિચારણા પછી અમે પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો પર સંશોધન કરવાનું નક્કી કર્યું. ગુજરાતી કથાસાહિત્યમાં કથાઘટક વિશેનું સંશોધન લોકકથા અને મધ્યકાલીન પદ્યવાર્તા સંદર્ભે વિશેષ થયું છે. તેમાં પંચદંડની વારતા, ચંદ્ર-ચંદ્રાવતીની વારતા, મદન-મોહના, રૂપાવતી જેવી કૃતિઓનાં કથાઘટકોનો અભ્યાસ થયો છે. પરંતુ આખ્યાન સ્વરૂપમાં આ પ્રકારનો અભ્યાસ હજુ સુધી થયો નથી. ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદ પાસેથી આખ્યનની સમૃદ્ધ પરંપરા પ્રાપ્ત થાય છે. આ વિષયનાં સંશોધનમાં કેટલી શક્યતાઓ રહેલી છે એ માટે અમે શ્રી શિરીષ પંચાલ સાહેબ અને શ્રી રમણ સોની સાહેબ સાથે પણ ચર્ચા કરી. અંતે 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા-એક સમીક્ષાત્મક અભ્યાસ' એવું શીર્ષક નક્કી કરીને આ વિષય પર સંશોધનકાર્ય કરવાનું પસંદ કર્યું.

'કથાઘટક' સંજ્ઞા એ મારાં માટે નવી હતી. શરૂઆતમાં ભારેખમ લાગતા આ વિષયમાં જેમ-જેમ ઊંડો ઊતરતો ગયો તેમ-તેમ એ મારી રુચિને પોષનાર બની ગયો. આરંભમાં જ શ્રી રાજેશ પંડ્યા સાહેબે પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનું સઘન વાંચન કરવાનું સૂચવ્યું. પ્રેમાનંદ વિશે થયેલાં સંશોધનો, પ્રેમાનંદ વિશે અને તેમનાં આખ્યાનો વિશે પુસ્તકોમાં પ્રગટ થયેલા લેખ, સામયિકોમાં પ્રગટ થયેલા લેખ ઝીણી નજરથી જોઈ લેવાનું જણાવ્યું. કથાઘટક વિશેનાં કેટલાંક પુસ્તકો સૂચવ્યાં અને કેટલાંક તો મેળવી પણ આપ્યાં. કથાઘટક વિશે મારી સૂઝ અને સમજને પણ ચોખ્ખી કરી આપી. પ્રેમાનંદની આખ્યાનકૃતિઓ ધીમે-ધીમે વંચાતી ગઈ. તેમાં પ્રયોજાયેલાં કથાઘટકોની તારવણી કરી. સંશોધનનું માળખું જ એવું હતું; કે મધ્યકાલીન ગુજરાતી કથનાત્મકકૃતિઓ, ગુજરાતી લોકકથાઓ, ભારતીય કૃતિઓ તેમજ લોકકથાઓનો પરિચય થયો. એથી પ્રેમાનંદનાં આખ્યાનોનાં કથાઘટકોની સાથે અન્ય કથાઓનાં કથાઘટકોનો સમાંતર અભ્યાસ શક્ય બન્યો.

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા એ મારા સંશોધનનો મૂળ આશય છે. પ્રેમાનંદનાં આખ્યાનોની કથાસામગ્રી બીજા કવિઓની કૃતિઓમાં પણ મળે છે. એમાં પણ કથાઘટકો પ્રયોજાયાં છે. પરંતુ, વિષયનાં વધુ પડતાં વ્યાપને કારણે અને માનવસહજ મર્યાદાઓને કારણે છેક પહોંચી શકાયું નથી. એટલે અહીં માત્ર પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોને ધ્યાનમાં રાખીને આ સંશોધનકાર્ય કર્યું છે.

આ સમગ્ર સંશોધનમાં મારાં માર્ગદર્શક શ્રી રાજેશ પંડ્યા સાહેબનો હું જેટલો આભાર માનું એટલો ઓછો છે. સંશોધન દરમિયાન લેખનમાં ઘણી ભૂલો થતી, કથાઘટકને સમજવામાં અને તેનું વિવરણ કરવામાં પણ ક્યાંક ચૂક રહી જતી, લેખનમાં પાર વિનાના જોડણી દોષો પણ થતાં, ક્યારેક આળસનાં કારણે સંશોધનનું કાર્ય અટકતું હોય; છતાં એ બધું અવગણીને એમને મને પ્રેમ અને હૂંફ પુરી પાડી છે. સાહેબ સંશોધનની શિસ્તના ભારે આગ્રહી. હું સંશોધનમાં ક્યાંય અટકું નહિ, તેની પૂરી કાળજી રાખી ખરાં અર્થમાં મારાં સાચાં માર્ગદર્શક બની રહ્યા છે. આવાં રસપ્રદ વિષયમાં સંશોધન કરવાનો રાજીપો વ્યક્ત કરું છું. માત્ર સંશોધનનાં જ નહીં જીવનનાં ઘણાં પાઠો એમની પાસેથી શીખ્યો છું. કબીરે અને મમતાબેને હંમેશા મને આવકાર્યો છે; તેનો પણ આનંદ છે.

આ શોધપ્રબન્ધ તૈયાર થતો હતો ત્યારે કોઈને કોઈ તબક્કે મને મહત્ત્વનું સૂચન કરનાર ગિરીશ મકવાણા, રાજેન્દ્ર બાંભણિયા, પ્રકાશ પરમાર, દિલીપ ધોરિયા, રાઘવ ભરવાડ, જિજ્ઞાબા રાણા, સુશીલા વાઘમશી, જલ્પા પટેલ, મૌલિકા પટેલ, દીપક વ્યાસ, હિરેન ગઢવી, રાજેન્દ્ર પરમાર, કનુ પરમાર અને સુભાષભાઈ હરિજન આ સૌ મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું. એ સિવાય મારા વિદ્યાથીઓનો પણ હું આભાર માનું છું. જેઓ વર્ગખંડમાં મને સતત પ્રશ્નો પૂછતા, જેથી પૂરી સજ્જતાથી અને મોકળાશથી એ વર્ગો લેવાતા. મારા ઘડતરમા એ સૌનો બહુ મોટો ફાળો રહ્યો છે. શ્રીમતી હંસા મહેતા લાઈબ્રેરીનાં કર્મચારીઓ અને એમાંય જીતુભાઈ પરમારનો આભાર વ્યક્ત કરું છું કે જેમણે કેટલાંક અપ્રાપ્ય પુસ્તકો જે અભરાઈ પર ચઢાવી દેવામાં આવ્યાં હોય તે હંમેશા હસતા-હસતા શોધી આપ્યાં છે.

મારા ઘડતરમાં પૂરી કાળજી લેનાર મારા માતા-પિતા અને બાએ હંમેશા મને મુક્ત રાખ્યો છે. મને ઘરમાં, સંશોધનમાં કોઇ દુવિધા ન આવે તેવું વાતાવરણ મળ્યું છે. આદરણીય ચંચળફોઇ અને કિશોરફુવાને આ ક્ષણે કેવી રીતે ભૂલું? દાદાશ્રી સોમાભાઇ પરમાર, વડીલ ચંદ્રેશભાઇ પરમાર, તન્મયભાઇ ચૌહાણ, દેવેન્દ્રભાઇ જાદવ સૌનો પ્રેમ હંમેશા મળતો રહ્યો છે. ભાવનાના સાથ અને સહકારની હૂંફ હંમેશા પ્રાપ્ત થઇ છે. હું પલાંઠીવાળી બેસીને લખતો હોઉં એ જોઇને ચિ.લાવણ્યા અને ભાણી ચિ.એંજલ પણ ઘણાં રાજી થતાં.

જન્માષ્ટમી, ૨૦૧૮

હેમંત રમેશભાઇ પરમાર